ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G




## જિલ્લાની પાંચેય બેઠકોની પાતળી સરસાઇને પગલે

# પોસ્ટલ બેલેટનું મતદાન નિર્ણાયક બનશે

### ૩ બેઠકો પર પોસ્ટલ બેલેટ નિર્ણાયક ભૂમિકા ભજવશે તેવું રાજકીય પંડિતોનું માનવું છે : જિલ્લામાં ૧૫ હજાર મતદારો પોસ્ટલ બેલેટથી મતદાન કરશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો પર પ્રચાર અભિયાન પ્રતિસ્પર્ધીઓ દ્વારા પુરજોશમાં ચાલી રહ્યું છે અને આ અભિયાન આગામી દિવસોમાં તેની ચરમસીમા પર પહોંચશે. ત્યારે બીજી તરફ તંત્ર દ્વારા ફરજ પરના કર્મયોગીઓના મતદાનની પ્રક્રિયા પણ તેનાં અંતિમ ચરણમાં છે.

કર્મયોગીઓ દ્વારા થયેલી રહેલા આ પોષ્ટલ બેલેટ મતદાનનું મહત્ત્વ ચૂંટણી જંગમાં મહત્ત્વનું પુરવાર થશે તેવું રાજકીય પંડિતોનું માનવું છે. જિલ્લામાં ચારેય બેઠકો પાંચ હજારની પાતળી સરસાઈથી વિજેતા ઉમેદવારોએ મેળવી હતી.

જિલ્લામાં નવી સીમાંકન પ્રમાણે યોજાઈ રહેલી આ ચૂંટણી પ્રથમ છે. લોકસભાની ચૂંટણીમાં સામાન્યતઃ રાષ્ટ્રીય પ્રશ્નોને ધ્યાને રાખી મતદાન થતું હોય છે. જયારે વિધાનસભામાં વિસ્તારનાં સ્થાનિક મહત્વના મુદ્દાઓને આધારે મતદાન થતું હોય છે. ગઈકાલે જેમ લખ્યું હતું તેમ શહેર અને ગ્રામ્ય વિસ્તારના પ્રશ્ને અંગે ઉમેદવારો અભિગમ કેવો રહેશે તે વાત આક્રમક પ્રચાર અભિયાનમાં વિસરાતી જોવા મળી રહી છે ત્યારે આ પોષ્ટલ બેલેટનું મતદાન સૌથી વધુ નિર્ણાયક પુરવાર થશે. રાજકીય નિરીક્ષકોના વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાની પાંચે બેઠક પૈકી ૩ બેઠકોનું પરિણામ નિયત કરવામાં આ પોષ્ટલ બેલેટનું મતદાન અતિ નિર્ણાયક પુરવાર થશે. પક્ષો દ્વારા હાલ જે રીતે પ્રચાર અભિયાન ચાલી રહ્યું છે તે જ આક્રમકતા જો બુથ મેનેજમેન્ટમાં રહેશે તો આ પોષ્ટલ બેલેટ મહત્ત્વનાં પુરવાર થશે તેમાં કોઈ બેમત નથી.

**ચૂંટણીની ચોપાટ**

જિલ્લામાં ૯ હજાર જેટલા ચૂંટણી વિષયક ફરજ પરના કર્મચારીઓ ઉપરાંત જિલ્લા બહાર વસતાં અને ચૂંટમી વિષયક સેવાઓમાં સંકળાયેલાં હશે તેવાં પાંચ હજારથી પણ વધુ કર્મચારીઓનાં તેમજ ૬૪૫ જેટલા સર્વિસ વૉટર્સ મળી અંદાજે ૧૫ હજાર જેટલા મતદારોનું આ મતદાન છે.

ચૂંટણી પંચે મતદારોનાં મત રદ થતા અટકે તે માટે ઈ.વી.એમ.નો વિકલ્પ અજમાવ્યો તેમ આ મત પણ રદ થતા અટકે તે ધ્યાને રાખી પોષ્ટલ બેલેટમાં પસંદગીના ઉમેદવાર સામે પેન્સિલથી ટીક કરી અને ખરાની નિશાની કરવાની આપેલી સૂચના પણ મહત્ત્વની બની

● અનુસંધાન પાના- ૭ પર

## આજે દશેલામાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની થ્રી ડી જાહેર સભા

ગાંધીનગર, તા. ૯

દશેલા, તલોદ, વડનગર અને દિયોદર સહિત રાજયના ૫૩ સ્થળોએ આજે રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર (દક્ષિણ) બેઠકમાં સમાવિષ્ટ દશેલા ગામે થ્રી ડી સભાનું આયોજન કરાતાં કાર્યકરોમાં ઉત્સાહ વધી જવા પામ્યો છે. ગાંધીનગર ઉપરાંત સાબરકાંઠા જિલ્લામાં તલોદ, મહેસાણા જિલ્લાના વડનગર તેમજ બનાસકાંઠા જિલ્લાના દિયોદર અને પાટણ જિલ્લાના મેસર ગામનો સમાવેશ આ થ્રીડી સભાના આયોજનમાં કરાયો છે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રી મોદી ઉત્તર ગુજરાતના વિદ્યુતવેગી પ્રવાસ બાદ હવે થ્રીડી ટેકનોલોજીની સભાના આયોજનને પગલે કાર્યકરોમાં પણ નવા જોમનો ઉમેરો થવા પામ્યો છે.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ૧૩ અને ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી ચૂંટણીના ઉમેદવારોના પ્રચારાર્થે ૧૦ ડિસેમ્બરના રોજ ૫૩ જાહેરસભાઓને સંબોધન કરશે. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ થ્રીડીની આધુનિક ટેકનોલોજીના માધ્યમથી લાભપાંચના દિવસે ચાર મહાનગરોને સંબોધન કરી એક નવાજ પ્રચાર માધ્યમનો ઉપયોગ કરનાર સમગ્ર એશીયાના પ્રથમ રાજનીતિજ્ઞનું સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.










Govt. of India Regd. No. 38383/82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com